૮૮૪૧૪-૬૦૩

જા.નં./ક-પ/નિ.પ.ધો./૨૦૧૯-૨૦/
જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી
અનાવીલ ભવનની સામે, કારેલી બાગ,
વડોદરા, તા.૧૦/૧૦/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા. શાળાઓ,
તમામ, જિ.વડોદરા.

વિષય : પાંચ વર્ષની નોકરી પૂર્ણ થતાં શિક્ષણ સહાયકને પૂરા પગારમાં સમાવવા બાબત...
સંદર્ભ :- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરની તા.૨૦-૦૯-૨૦૧૯ ની રાજયનાં તમામ જિ.શિ.અધિ.ની બેઠકની કાર્યવાહી નોંધનાં મુદ્દા નં. ૧૯ અન્વયે

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે જીલ્લાની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં કેન્દ્રીય ભરતી પ્રક્રીયા દ્વારા ભરતી થયેલ શિક્ષણ સહાયકોને પાંચ વર્ષ પૂર્ણ થતાં પૂરા પગારમાં સમાવવાનાં થાય છે. ઉકત સંદર્ભથી મળેલ સૂચના મુજબ ભરતી બોર્ડ દ્વારા ભરતી થયેલ હોઇ શિક્ષણ સહાયકને પૂરા પગારમાં સમાવતાં પહેલાં કોઇ બહાલી લેવાની રહેતી નથી, જેથી શિક્ષણ સહાયકને પૂરા પગારમાં સમાવતાં પહેલા કચેરી કક્ષાએથી અમુક બાબતોની ચોકસાઇપૂર્વકની ચકાસણી જરૂરી બને છે. જેથી વર્ષ ૨૦૧૪ માં ભરતી બોર્ડ દ્વારા ભરતી થયેલ શિક્ષણ સહાયકોની પૂરા પગારમાં સમાવવાનો કેમ્પ **શ્રી કૃષ્ણ હીન્દી વિદ્યાલય, કારેલીબાગ, વડોદરા ખાતે તા.૧૭-૧૦-૨૦૧૯ નાં રોજ ૧૧.૦૦ કલાકે** રાખવામાં આવેલ છે, જેમાં આ સાથે સામેલ ચેક લીસ્ટ મુજબ એક નકલમાં પૂરા પગારની દરખાસ્ત તૈયાર કરી જાણકાર કર્મચારીએ હાજર રહેવાનું રહેશે.

આ આગાઉ જીલ્લાની કેટલીક શાળાઓએ શિક્ષણ સહાયકને પાંચ વર્ષ પૂર્ણ થતાં પૂરા પગારમાં સમાવવાની દરખાસ્ત અત્રે મોકલેલ છે, તે શાળાઓએ પણ આ સાથે સામેલ ચેક લીસ્ટ મુજબ દરખાસ્ત તૈયાર કરી રજુ કરવા માટે અત્રેથી દરખાસ્ત પરત મેળવી લેવા જણાવવામાં આવે છે.

જીલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

બિડાણ : નિયત ચેક લીસ્ટ

Scanned by CamScanner

| શિક્ષણ સહાયકને પૂરા પગારમાં સમાવવા અંગેનું ચેકલીસ્ટ. | | |
|---|---|---|
| ક્રમ | વિગત | પાન નં. |
| ૧ | શિક્ષણ સહાયક તરફથી કરવામાં આવેલ ઓનલાઇન અરજીની નકલ તેમજ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ. | |
| ૨ | આ કચેરીનાં ભલામણપત્ર અને અધિકારપત્રની પ્રમાણિત નકલ | |
| ૩ | શાળા મંડળ તરફથી આપવામાં આવેલ નિમણૂંક હુકમ અને સ્વીકૃતિ પત્રની પ્રમાણિત નકલ | |
| ૪ | શાળામાં હાજર થયાનો હાજર રીપોર્ટ | |
| ૫ | મેડીકલ પ્રમાણપત્રની નકલ. | |
| ૬ | એમ્પલોઇ નંબર ફાળવવા અંગેના આ કચેરીનાં પત્રની નકલ | |
| ૭ | પાંચ વર્ષ દરમ્યાન ભોગવેલ રજાની વિગત<br>રજાનો સમયગાળો ભોગવેલ રજાનો પ્રકાર ભોગવેલ કુલ રજા | |
| ૮ | બિન પગારી ભોગવેલ હોવા અંગેનું પ્રમાણપત્ર | |
| ૯ | નિયમિત પગાર ધોરણમાં સમાવવા અંગેની કર્મચારીની અરજીની પ્રમાણિત નકલ | |
| ૧૦ | શિક્ષણ સહાયકની સંતોષકારક નોકરી બાબતે નિયમિત પગાર ધોરણમાં સમાવવા અંગે સંચાલક મંડળનાં ઠરાવની પ્રમાણિત નકલ (ઠરાવ બુકનો ઉતારો) | |
| ૧૧ | શિક્ષણ સહાયકની નોકરીના વર્ષો દરમ્યાનની શાળાની વર્ષ વાર વિદ્યાર્થી સંખ્યા અને સરાસરીની વિગત (અલગ પત્રક સામેલ છે.) | |
| ૧૨ | શિક્ષણ સહાયકના વિષયનું પાંચ વર્ષનું પરિણામ<br>વર્ષ સ્નાતક/અનુસ્નાતક<br>કક્ષાનો વિષય શાળાનું પરિણામ બોર્ડનું પરિણામ | |
| ૧૩ | શિક્ષણ સહાયકનાં શાળા છોડયાનાં પ્રમાણપત્ર, એસ.એસ.સી./એચ.એસ.સી., એફ વાય., એસ.વાય., ટી.વાય માર્કશીટ, અનુસ્નાતકની તમામ માર્કશીટ, ટાટ પરીક્ષા, અનુભવ, જાતિ પ્રમાણ પત્રની ખરાઇના આધાર | |
| ૧૪ | છેલ્લા પાચ વર્ષનાં ખાનગી અહેવાલ | |
| ૧૫ | પાંચ વર્ષ દરમ્યાન કર્મચારીને ઠપકો, નોટીસ આપી હોય અથવા અન્ય વિરુધ્ધ બાબત ધ્યાને આવેલ હોય તો તેની વિગતો. જો ન હોય તો તે મુજબનું પ્રમાણપત્ર. | |

Scanned by CamScanner

| ક્રમ નં. ૧૧ શિક્ષણ સહાયકની નોકરીના વર્ષો દરમ્યાનની શાળાની વર્ષ વાર વિદ્યાર્થી સંખ્યા અને સરાસરીની વિગત | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | ધોરણ-૯ | | ધોરણ-૧૦ | | ધોરણ-૧૧ | | ધોરણ-૧૨ | | માન્ય વર્ગો મુજબ મળવાપાત્ર શૈ.કર્મચારીઓ (આચાર્ય સિવાય) | | શાળામાં કામ કરતાં શૈ.કર્મચારીઓ | |
| | વર્ગની સંખ્યા | વિદ્યાર્થી સંખ્યા | વર્ગની સંખ્યા | વિદ્યાર્થી સંખ્યા | વર્ગની સંખ્યા | વિદ્યાર્થી સંખ્યા | વર્ગની સંખ્યા | વિદ્યાર્થી સંખ્યા | માધ્યમિક | ઉ.મા. | માધ્યમિક | ઉ.મા. |
| ૨૦૧૪-૧૫ | | | | | | | | | | | | |
| ૨૦૧૫-૧૬ | | | | | | | | | | | | |
| ૨૦૧૬-૧૭ | | | | | | | | | | | | |
| ૨૦૧૭-૧૮ | | | | | | | | | | | | |
| ૨૦૧૮-૧૯ | | | | | | | | | | | | |

Scanned by CamScanner